## ખેડા ભાજપના મીડીયા કન્વીનર તરીકે પ્રચેત મહેતાની નિમણૂંક

નડીઆદ, તા. ૯

ખેડા જિલ્લા ભાજપના મીડીયા કન્વીનર તરીકે આજે સતત




પંચમી વખત પ્રચેત મહેતાની નિમણૂંક કરતાં જિલ્લાની અખબારી આલમમાં આનંદ વ્યાપી ગયો છે.

ખેડા જિલ્લા ભાજપના મહામંત્રી દીપકભાઈ પટેલે જિલ્લા પ્રમુખ અને ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણ સાથે પરામર્શ કર્યા બાદ આજે જિલ્લા ભાજપ મીડીયા સેલના કન્વીનર તરીકે સતત પાંચમી વખત ગાંધીનગર સમાચારના જિલ્લાના બ્યુરો ચીફ પ્રચેત મહેતાની નિમણૂંક કરી છે.

જ્યારે મીડીયા સેલના સહ કન્વીનર તરીકે જિલ્લા વરિષ્ઠ પત્રકાર દક્ષેશભાઈ ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ (માતર)ની નિમણૂંક કરી છે. જેને લઈ જિલ્લાના અખબારી આલમમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

## મોડાસાના માથાસુલિયા ગામે લાખ્ખો રૂપિયાનો

# આર.ઓ. પાણીના પ્લાન્ટમાં ધૂળ ચડી





મોડાસા, તા. ૯

ગતિશિલ ગુજરાતમાં રાજ્ય સરકાર અને વહીવટીબાબુઓના અણઘડ વહીવટના પગલે રાજ્યમાં કરોડો રૂપિયાની લોક ઉપયોગી સાધનો ખરીદી કરી યોગ્ય માળખાગત સુવિધા તદ્ઉપરાંત ખરીદીમાં ખાયકી કરી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખડકી દઈ તે તરફ જોવાની પણ તસ્દી ન લેતા સાધનો ધૂળ ખાઈ રહ્યા હોવાની અનેક ઘટનાઓ છાશવારે બહાર આવી રહી છે. આવી જ એક ઘટના અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના માથાસુલિયા ગામે બહાર આવતા વહીવટીતંત્રના વહીવટ અંગે જિલ્લાના પ્રજાજનોમાં અનેક પ્રશ્નાર્થ ઉદ્ભવી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષથી માથાસુલિયા ગામે ૮ લાખ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચી લગાવેલ પ્લાન્ટ ચાલુ ન કરાતા શોભાના ગાંઠીયા સમાન બની રહ્યો છે.

### માથાસુલિયા ગ્રામ પંચાયતના તલાટી ૧૨ વાગ્યા પછી નોકરી આવતા હોવાની રજૂઆત

ગામલોકોએ ગામના વિકાસ માટે સરકારી તલાટીની સક્રિયતા અને કામગીરી ખૂબ જ અગત્યની હોવાનુ જણાવી જણાવ્યુ હતુ કે માથાસુલિયા ગામે ફરજ બજાવતા તલાટી બપોરે ૧૨ વાગ્યા સુધી ગ્રામ પંચાયતમાં આવતા ન હોવાથી ગામલોકોને ખુબજ તકલીફ પડી રહી છે.

મોડાસા તાલુકાના માથાસુલિયા ગામે સરકારી તંત્રએ પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે અંદાજે ત્રણ વર્ષ અગાઉ પાણીના શુધ્ધીકરણ માટેનો આર.ઓ. પ્લાન્ટ ગ્રામ પંચાયતને આપવામાં આવ્યો હતો. પરંતુ અગમ્ય કારણોસર આ આર.ઓ. પ્લાન્ટ એક રૂમમાં શોભાના ગાંઠીયા સમાન હોય તેમ શરૂ ન કરાતા આર.ઓ. પ્લાન્ટ પર ધૂળની ડમરીઓ જામી ગઈ છે. ગામ લોકોએ જવાબદાર અધિકારીઓ સામે વારંવાર આર.ઓ. પ્લાન્ટ ચાલુ કરવા રજૂઆત કરવા છતાં જવાબદારતંત્ર કે ગામના તલાટી દ્વારા આ અંગે નક્કર પગલા ન ભરાતા લાખ્ખો રૂપિયાના ખર્ચે લગાવેલો આર.ઓ. પ્લાન્ટ ચાલુ કરવા લોકોએ ઉગ્ર માંગ કરી કુંભકર્ણ નિંદ્રામાં સુતા અધિકારીઓને જગાડવા મીડીયાનો સહારો લીધો હતો. ગામલોકોએ લાખ્ખો રૂપિયાના ખર્ચે નાખેલા આર.ઓ. પ્લાન્ટ તાબડતોડ યોગ્ય ટેસ્ટીકરણ કર્યો પછી ચાલુ કરવામાં આવે તો કેટલાક લોકોને પાણીજન્ય રોગચાળામાં સપડાતા બચાવી શકાય અને શાળામાં અભ્યાસ કરતા બાળકોને પણ મીનરલ પાણીનો ફાયદો મળે તેમ હૈયાવરાળ ઠાલવી હતી.

### જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તા આર.ઓ. પ્લાન્ટની જવાબદારીમાંથી છટક્યા

માથાસુલિયા ગામે લાખ્ખો રૂપિયાના ખર્ચે લગાવેલા આર.ઓ. પ્લાન્ટ અંગે જિલ્લાવિકાસ અધિકારી વિશાલ ગુપ્તાએ જણાવ્યુ હતુ કે આ આર.ઓ. પ્લાન્ટ અરવલ્લી જિલ્લો સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયા પહેલા લગાવવામાં આવ્યો હોવાનુ જણાવી અજાણતા દર્શાવી હતી. બીજી બાજુ જિલ્લાને છૂટો પડ્યાને અઢી વર્ષનો સમય થયો છે તો આ આર.ઓ. પ્લાન્ટ સાબરકાંઠાના અધિકારીઓ દ્વારા લગાવવામાં આવ્યો હશે તેવુ તેમની વાત પરથી જણાય છે. અને લૂલો બચાવ કરતા જણાવ્યુ કે એકથી દોઢ વર્ષ અગાઉ લગાવાયો હશે.

## બનાસકાંઠા જિલ્લામાં ૧,૮૨,૯૯૪ બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ અપાયો

બનાસકાંઠા, તા. ૯

બનાસકાંઠા જિલ્લામાં ૧,૮૨,૯૯૪ બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૬ સુધીમાં આપવામાં આવ્યો છે, તેમ આરોગ્ય રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભામાં પ્રશ્નોત્તરીના જવાબમાં જણાવ્યું હતું તેમણે કહ્યું કે, આ યોજના હેઠળ નોંધણી કરાવવામાં આવેલ તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

**વિધાનસભામાં ઉત્તર-ગુજરાત**

મંત્રીએ વિગતવાર માહિતી આપતા વધુમાં જણાવ્યું કે, અમીરગઢ તાલકામાં ૧૨,૨૭૫, ભાભરમાં ૭,૧૨૦, દાંતા તાલુકામાં ૨૩,૦૨૮, દાંતીવાડામાં ૮,૪૪૪, ડીસામાં ૨૬,૧૯૩, દિયોદરમાં ૯,૫૧૮, ધાનેરામાં ૭,૨૬૪, કાંકરેજમાં ૧૬,૯૯૨, પાલનપુરમાં ૨૪,૧૩૦, થરાદમાં ૧૨,૯૨૧, વડગામમાં ૨૧,૭૧૯ અને વાવમાં ૧૩,૩૯૦ બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ અપાયો છે, તેમ તેમણે જણાવ્યું હતું.

**હિંમતનગર-અંબાજી-આબુરોડને ચાર માર્ગીય બનાવવા ૧૬૧.૯૦ કરોડ મંજૂર કરાયા : નીતિનભાઈ પટેલ**

હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા-અંબાજી-આબુરોડને ચાર માર્ગીય બનાવવા રૂા.૧૭૧.૯૦ કરોડ મંજૂર કરવામાં આવ્યાં છે, તેમ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વિધાનસભામાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ રસ્તો ફોરલેન બનવાથી અંબાજી આવતા શ્રદ્ધાળુઓ માટે સારી સુવિધા પ્રાપ્ત થશે.

**વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૭ અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રે ૨૬૧ રોકાણ ઈરાદા : ૧૪ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ**

રાજ્ય વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ઉધનાના ધારાસભ્ય નરોત્તમભાઈ પટેલના પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતા પર્યાવરણ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું કે, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ દરમિયાન પર્યાવરણ ક્ષેત્રે ૨૬૧ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અને ૧૪ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ કરવામાં આવેલા છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૧માં પર્યાવરણ ક્ષેત્રે રૂા.૪૧૦૦ કરોડનું સૂચિત મૂડીરોકાણ ૯૫ સમજૂતિ કરારો દ્વારા વર્ષ-૨૦૧૩માં ૧૭૪ સમજૂતી કરારો રૂા.૨૩ હજાર કરોડનું મૂડીરોકાણ પર્યાવરણ ક્ષેત્રે થયું હતું. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં ૩૧ સ્ટ્રેટેજીક પાર્ટનરશીપના કરારો પણ થયા હતા. મંત્રીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૭માં પર્યાવરણ ક્ષેત્રે જે રોકાણ ઈરાદા જાહેર થયા છે, તેમાં સંયુકત શુદ્ધિકરણ પ્લાન્ટ, હયાત શુદ્ધિકરણ પ્લાન્ટમાં સુધારા, જોખમી કચરાનો નિકાલ, ઘન કચરાનો નિકાલ, બાયોમેડિકલ વેસ્ટ વગેરેના નિકાલ જેવા અલગ-અલગ ક્ષેત્રે રોકાણ માટેના ઈરાદાઓ જાહેર થયા છે.

પર્યાવરણની રક્ષાની ઘર આંગણાથી શરૂઆત કરવી જોઈએ, એમ જણાવતા મંત્રીએ પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

## ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં લોકો માથે ઝઝુમતું મોત



ધાનેરા રેફરલ હોસ્પિટલમાં લોકો માથે મોટ બની જજુમતું જાહેરાત બોર્ડ જો મોટી જાનહાની સર્જે તો નવાઈ ની વાત ન કહેવાય આ બોર્ડ બાબતે રેફરલ હોસ્પિટલ ના ડોક્ટરો ધ્વરા રજૂઆત કરવા છતાં પણ નિકાલ ન આવતા લોકોમાં ભારે રોષ ની લાગણી જીવ મળી રહી છે. ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં વર્ષો પહેલા એક જાહેરાત માટે લોખંડ નું વિશાળ બોર્ડ લગાવવામાં આવ્યું હતું પરંતુ આ બોર્ડ આજે જજરીત બની ગયું છે અને આ બોર્ડ નો કોઈ ઉપયોગ પણ કરવામાં નથી આવતો તેમ છતાં આ બોર્ડ નમઃ હટાવતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને આ બાબતે ધાનેરા રેફરલ હોસ્પિટલ ના ડોક્ટર શૈલેન્દ્રસિંહ પરમાર અને મિતેષ ડાભી નો સમ્પર્ક કરતા તેમને જણાવ્યું હતું કે આ બોર્ડ હટાવવા માટે અમે આગળ રજૂઆત કરી દીધી છે માટે જો આ બોર્ડ તાત્કાલિક હટાવવામાં નહિ આવે તો આવનાર સમય માં આ બોર્ડ લોકોમાટે મોટી હેનારત સર્જે તો નવાઈની વાત ન કહેવાય.

## ડીસા રૂરલ પોલીસના તાત્કાલીન પી.આઈ. અને કોન્સ્ટેબલને કોર્ટનું તેડું

ડીસા, તા. ૯

ડીસા તાલુકાના કંસારી નજીક જરત એક વર્ષ અગાઈ ગર્ભવતી મહીલાને સારવાર અર્થે લઈને જઈ રહેલી રીક્ષાને અટકાવી દમદારી આપી ડીસા રૂરલ પોલીસના પપોલીસ કર્મીએ જબરજસ્ત થી રૂ.૧૦૦૦ પડાવી લીધા હતા આ બાબતે ડીસા રૂરલ પોલીસ મથકમાં રજૂઆત કરવા ગયેલી પતિ-પત્નિને ધક્કો મારી કાઢી મૂકવામાં આવ્યા હતા અને ફરીયાદ લેવાની કે કોઈ રજૂઆત સાંભળવાનો ઈન્કાર કરી દેવા તત્કાલીન પી.આઈ. પાઠકે પતિપત્નિને ચેલેન્જ કરી હતી.

આ મામલે મહીલાના પતિએ નામદાર હાઈકોર્ટના દુકાન બાદ એક વ૪ષ ડીસા રૂરલ પોલીસ મથકના કોન્સ્ટેબલ અને તત્કાલીન પી.આઈ. પાઠક વિરુધ્ધ ડીસાની કોર્ટમાં ફરીયાદ દાખલ થઈ છે. અને બંન્ને પોલીસ કર્મીઓ વિરુધઅધ કાઢવાનો હુકમ કર્યો છે.

ડીસા તાલુકાની ઝેરડા ગામે વેપાર કરી ગુજરાન ચલાવતી ભૂરાભાઈ જસુલભાઈ સુમરા તા.૧૧-૨-૨૦૧૬ના રોજ ગામના જયંતિભાઈ જાસભાઈ રાવળની રીક્ષામાં પોતાની ગર્ભવતી પત્નિ શબાનાબેન પાલનપુર ખાતે ડૉ.મૂકેશ.એમ. સંઘવીને ત્યાં સારવાર માટે જવા નિકળ્યા હતા. આ સમયે કંસારી ટોલનાકા પાસે વાહન ચેકીંગ કરી રહેલ ડીસા રૂરલ પોલીસ મથકના કોન્સ્ટેબલ ઈશ્વરજી શંકરજી ઠાકોર રીક્ષાને અટકાવી હાથવર જયંતિભાઈ રાવળને મારમારવાનું શરૂ કર્યું હતું. તે સમયે ભુરાભાી સુમરીએ વિનંતી કરેલ કે મારી પત્નિ શબાનાને સાત માસનો ગર્ભ છે બાળક ખસી ગયુ હોવાથી અસહ્ય દુઃખાવો થવાથી પાલનપુર સારવાર અર્થે લઈ જઈ છે. આમ છતા ઈશ્વરજી ઠાકોરે જબર જસ્તીથી રૂ.૧૦૦૦ પડાવ્યા હતા.

આ બાબતે ડીસા રૂરલ પોલીસ મથકમાં રજૂઆત કરવા ગયેલી આ બંને પતિપત્નિને પી.આઈ.આર.કે .પાઠકે ગાળો બોલી ધક્કો મારી ઓફીસ બહાર કાઢી મીકયા હતા. આ બાબતે તેમણે ડીસા રૂરલ પોલીસ મંથકમાં અરજી આપી હતી. પરંતુ પી.આઈ.આર.કે.પાઠકે જણાવ્યું હતું કે ગુનો બનતો ન હોવાથી ફરીયાદ લેવાશે નહી. આથી ભૂરાભાઈ સુમરા હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા અને હાઈકોર્ટ નીચલી અદાલતે કાર્યવાહી કરવા હુકં કરતા ડીસાની અદાલતને કાર્યવાહી કરવા હુકમ કરતા ડીસાની પોલીસ કોન્સ્ટેબલ ઈશ્વરજી ઠાકોર અને પી.આઈ,પાઠક વિરુધ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૮૪,૫૦૪ સખત કાર્યવાહી કરી તા. ૨૨-૦૩-૨૦૧૭ના રોજ કોટમાં હાજર રહેવા હુકમ કર્યો છે.

## વડોસણ ગામે લોક ડાયરાનું આયોજન

મહેસાણા, તા.૯

મહેસાણા જિલ્લામાં વડોસણ ગામે ૧૧ માર્ચ ૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૧૧ કલાકથી ૧૪ કલાક સુધી લોકડાયરાનું આયોજન કરાયું છે. ઠાકોર સમાજના ઉત્થાન માટે ઠાકોર સમાજના ભગીરથ કાર્યમાં ગુજરાતની લોક સંસ્કૃતિ ઉજાગર રહે તે હેતુથી રાજ્ય સંગીત નાટય અકાદમી દ્વારા ભવ્ય લોક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન રાખેલ છે.

આ ડાયરામાં કલાકાર સર્વેશ્રી રોહિત ઠાકોર, તેજલ ઠાકોર, કાજલ મેહરિયા, ચંદુ રાવળ, સુખદેવસિંહ ઝાલા, મુકેશ ઠાકોર, લક્ષ્મી ઠાકોર, કિરણ ઠાકોર, વિક્રમ ઠાકોર સહિતના કલાકારો ઉપસ્થિત રહેશે તેમ નાટ્ય સંગીત અકાદમીના ડિરેકટર મંગલસિંહ ઝાલાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## રામસી કંપા સેવા સહકારી મંડળીના કૌભાંડમાં હવે આરોપીઓની ધરપકડ થશે

હિંમતનગર, તા.૯

ધી રામસીકંપા સેવા સહ.મંડળી, તા.સાઠંબા, જી.અરવલ્લીના ધીરાણમાં થયેલ કૌભાંડ પ્રકરણમાં સાબરકાંઠા બેંક દ્વારા એફ.આઈ.આર. નં.૪/૨૦૧૭ થી તા.૧૩-૧-૧૭ થી સાઠંબા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવવામાં આવેલ. સદર પોલીસ કેસમાં ધરપકડથી બચવા માટે સદર એફ.આઈ.આર.માં દર્શાવેલ તમામ આરોપીઓએ નામદાર હાઈકોર્ટમાં આ એફ.આઈ.આર. રદ કરાવવા માટે વસંતભાઈ સવજીભાઈ પટેલ (ધી રામસીકંપા સેવા સહકારી મંડળીના ચેરમેન), મહેશભાઈ નાનજીભાઈ પટેલ (કારોબારી સભ્ય), હરીભાઈ વાલજીભાઈ પટેલ (કારોબારી સભ્ય), જગદીશભાઈ રામજીભાઈ પટેલ (કારોબારી સભ્ય), રણછોડભાઈ સવગણભાઈ પટેલ (કારોબારી સભ્ય), અરવિંદભાઈ વસરામભાઈ પટેલ (કારોબારી સભ્ય), અમૃતભાઈ ભાણજીભાઈ પટેલ (કારોબારી સભ્ય), કિરીટભાઈ વસરામભાઈ પટેલ (કારોબારી સભ્ય), ભરતભાઈ શાંતિલાલ પટેલ (કારોબારી સભ્ય), હર્ષદભાઈ જેઠાભાઈ પટેલ (કારોબારી સભ્ય), મહેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ (કારોબારી સભ્ય), મુકેશભાઈ નારણભાઈ પટેલ (કારોબારી સભ્ય) પીટીશન નં.૩૧૨૩ તા.૩૧-૧-૧૭ દાખલ કરેલ હતી. સદર પીટીશનની સુનાવણી ચાલી જતા નામદાર હાઈકોર્ટે તા.૭-૩-૧૭ ના રોજ આ પીટીશન રદ કરતો હુકમ કરતાં આ તમામ આરોપીઓમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. તેમજ આ ચુકાદાથી ઉચાપતના આવા કૌભાંડ કરનાર તમામ ઈસમોમાં પણ ફફડાટ વ્યાપી ગયેલ છે. આના કારણે બેંક તેમજ મંડળી ધીરાણોમાં ખોટુ કરનાર તમામને નશ્યત થશે તેવી લાગણી ઉભી થયેલ છે જે ખુબ જરુરી હતું.

## વિસનગર અને વિજાપુર તાલુકાના સ્ટેમ્પ વેન્ડર માટે અરજી કરવા જોગ

મહેસાણા, તા.૯

વિસનગર અને વિજાપુર તાલુકાના સ્ટેમ્પ વેન્ડરની પરવાનગી માટે પ્રાન્ત અધિકારી વિસનગરની કચેરીને ૩૧ માર્ચ સુધીમાં અરજી કરવાની રહેશે. સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ તથા ગુજરાત સ્ટેમ્પ સપ્લાય એન્ડ સેલ્સ રૂલ્સ ૧૯૮૭ મુજબ લાયકાત ધરાવનાર અરજી કરી શકશે. જેમાં અરજદારની ઉંમર ૨૧ થી ૪૦ વર્ષની વચ્ચે હોવા ઉપરાંત ધોરણ ૧૨ પાસ કરેલ હોવો જરૂરી છે. અરજદાર અન્ય કોઈ સરકારી નોકરી કરતો હોવો જોઈએ નહી. તેમજ કોઈ ગુન્હામાં સંડોવાયેલ હોવો જોઈએ નહી સ્ટેમ્પ વેન્ડરના વ્યવસાયમાં ઓછામાં ઓછુ આઠ હજારનું રોકાણ જરૂરી છે.

## તાજપુર ખાતે વિદ્યાર્થીઓનો શુભેચ્છા વિદાય કાર્યક્રમ યોજાયો

### શાળાના આચાર્ય નિવૃત્ત થતા વિદાય સમારંભ યોજાયો : સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ખાતે આવેલ તાજપુર સાર્વજનિક હાઈસ્કુલ ખાતે હાઈસ્કુલ ખાતે ધો-૧૦ અને૧૨ ના વિદ્યાર્થીઓનો શાળા દ્વારા વિદાય સમારોહ રાખવામાં આવ્યો હતો કરવામાં આવ્યાં હતાં જયારે સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમારોહ પણ રાખવામાં આવ્યો હતો અને શાળા સ્ટાફ તથા મિત્રો દ્વારા ફુલહાર, શાલ, શ્રીફળ, મોમેન્ટો





ત્રિવેણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળા પરિવાર સહિત આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ તાજપુર ખાતે તાજપુર વિભાગીય કેળવણી મંડળ સંચાલિત તાજપુર વિભાગીય સાર્વજનિક અને વિદાયની સાથે શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી. જયારે શાળામાં વર્ષ દરમ્યાન રમત-ગમત વિવિધ પ્રવૃતિઓ કાર્યક્રમોમાં તથા શાળામાં અભ્યાસમાં ૧ થી ૩ નંબર આવેલ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓનું શાળા દ્વારા આવનાર મહેમાનોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓ દ્વારા આવેલ મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધાં હતાં. જયારે આ પ્રસંગે પ્રાથમિક વિભાગમાં આચાર્ય તરીકે છેલ્લાં ૩૨ વર્ષથી ફરજ બજાવતા કાન્તીભાઈ રેવાભાઈ વાળંદ કે જેવો સરકારી વય મર્યાદાને કારણે નિવૃત થતાં તેવોનો વિદાય આપીને શુભેચ્છાઓ પાઠવી વિદાય આપવામાં આવી હતી. જયારે આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા એ.આઈ સ્મિતાબેન પટેલ, પ્રાંતિજ કોલેજના પ્રિન્સીપાલ ડૉ.કામેશ્વર પ્રસાદ, ટ્રસ્ટી મંડળ સભ્યો સહિત શાળા સ્ટાફ તથા આમંત્રિત મહેમાનો-ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## મહેસાણા જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ

મહેસાણા, તા.૯

માનનીય મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૩ માર્ચ ૨૦૧૭ના રોજ યોજાનાર છે. ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રશ્નો ૧૦ માર્ચ ૨૦૧૭ સુધીમાં કલેકટર કચેરી જનસંપર્ક શાખા મહેસાણાને મોકલી આપવાના રહેશે તેમ કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મોડાસામાં સરસ્વતી વિદ્યાલય ખાતે ઈતિહાસ પુરાતત્વ સંગોષ્ઠી યોજાઈ

એચ.વી.યુ.બી.પૌરાણિક ઈન્ડોલોજી ઈન્સ્ટીટયુટ સંચાલિત ભારતીય તત્વજ્ઞાન મંદિર, મોડાસા, મ્યુઝિયમ એસોસિએશન ઓફ ગુજરાત તથા શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય મોડાસાના સંયુકત ઉપક્રમે અરવલ્લી જિલ્લાની વિવિધ શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ સમક્ષ ઈતિહાસ પુરાતત્વ વિચાર સંગોષ્ઠી યોજાઈ ગઈ. આ પ્રસંગે મ્યુઝિયમ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ ડૉ. એન.આર. શાહ એમ.એસ. યુનિવર્સિટીના ડૉ. અંબિકાબેન પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના અમોલ મોહિતે તેમજ વડોદરાના ઈલેશભાઈ વ્યાસે વિવિધ વિષયો પર વ્યાખ્યાન આપ્યુંહતું. સ્વાગત પ્રવચન ભારતીય તત્વજ્ઞાન મંદિરના પ્રમુખ ડૉ. વિનોદભાઈ પુરાણી, સંસ્થા તેમજ મહેમાન પરિચય પ્રિ.ડૉ. જિજ્ઞેશભાઈ સુથાર, પ્રસંગોચિત વકતવ્ય ઉમા કેળવણી મંડળના પ્રમુખ મોહનભાઈ પટેલે આપેલ હતું.

## ગળતેશ્વર નદીમાં ડુબી ગયેલ છ યુવકોના પરિવારજનોને સહાય આપો : ધારાસભ્ય

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના રાસલોડના છ મૃતક યુવાનોના પરિવારો આજ દીન સુધી કોઈ સહાય નહીં મળતાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ગેરકાયદેસર થતી સાબરમતી નદીમાં ખનનને લઈને ડુબી ગયેલા છ યુવાનો પરિવારજનોને સરકાર તરફથી આજ દીન સુધી સહાય પેટે એક રૂપિયો પણ ના મળતાં સહાય માટેની વિધાનસભામાં રજુઆત કરી હતી. પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ સાબરમતી નદીમાં રેતીનું ગેરકાયદેસર ખનન તથા નદીને અડીને આવેલ ગળતેશ્વર મહાદેવ મંદિર પાસે નદીમાં ગેરકાયદેસર ખનન થવાથી ઉંડુ ખોદાણ થતું હોવાથી અવાર-નવાર અકસ્માત થતાં હોય છે. રક્ષાબંધનના તહેવારે બનેલ ઘટનાથી પ્રાંતિજ સહિત જિલ્લા અને ગુજરાત હચમચી ગયું હતું અને પવિત્ર તહેવારના દિવસે જ છ યુવાનોનું સાબરમતી નદીમાં ડુબી જવાથી મોતને ભેટયા હતા અને આ છ યુવાનોના પરિવારજનોને આજ દિન સુધી એક પણ રૂપિયાની પણ સહાય ના થતાં અને ખનન કરનારાઓ સામે પણ આજ સુધી કાર્યવાહી પણ નથી થઈ અને આ પિડીત પરીવારોને આજ સુધી કોઈ સરકાર તરફથી સહાય મળી નથી.